# બંધારણ

- **સગાઈ (સગપણની વિગત) :**
  - સગાઈ કરવા ૧૧ માણસે જવું.
  - ૧૦૧/- રૂપિયા ઓઢણીના આપવા.
  - ૫૧/- રૂપિયા છોકરા કે છોકરીના હાથમાં આપવાં.
  - ૫૧/- રૂ. સગાઈમાં તથા લગ્ન વધાવવા જાય ત્યારે મીઠાઈ સાથે આપવા.
- **લગ્ન વધાવવાની વિગત :**
  - લગ્ન વધાવવા ૧૧ માણસોએ જવું.
  - ૧૦૧/- રૂપિયા ઘર ધણીના ઘરમાં આપવા.
  - ૫૧/- રૂપિયા વસ્તીના આપવા.
  - ૫૧/- રૂપિયા બ્રાહ્મણને આપવા.
  - ૫૧/- રૂપિયા બૈરાને ભાગેળે આપવા.
  - ૫૧/- રૂપિયા હજામને આપવા. (એક શ્રીફળ આપવું.)

નોંધ : સગાઈ તથા લગ્ન વધાવવા જાય ત્યારે કોઈપણ જાતની ભેટ, સોગાદ (દર દાગીના-મોબાઈલ) આપવા નહીં.

- વર તેડવા બે માણસોએ જવું બંન્નેને રૂ. ૫૧/-, ૫૧/- આપવા. (વર તેડીયાનું વરતીયું)
- **લગ્ન પ્રસંગે વ્યવહારની વિગત :**
  - રૂ. ૫૦૦૯/- નાતનું બંધારણ સગા તથા આણા સાથેનું દાપું.
  - રૂ. ૨૧/- દાપા વખતે બ્રાહ્મણને આપવા.
  - રૂ. ૨૫૧/- મામેરામાં કપડા ઉપર મૂકવા.
  - બહેન ભાણેજને જમવા બોલાવવા તથા રૂ. ૨૧ આપવા (ભાણાપ્રથા બંધ કરેલ છે.)
  - ભાણું મેહમાનોના પંચમાં મૂકવું.
  - ૧૫૧/- ઘરભમરી (વસ્તીમાં ફરવાનું બંધ કરેલ છે.)
  - ૫૧/- ગોદડે વસ્તીને આપવા.
  - ૫૧/- ધર્માદામાં આપવા.
  - ૧૦૨/- બ્રાહ્મણને આપવા (રૂ. ૫૧/- વર પક્ષ તરફથી અને રૂ. ૫૧/- કન્યાપક્ષ તરફથી આવવા.)
  - ૫૧/- વરને વીંટીના માંડવે જમવા બેસે ત્યારે.

**ખાનદાની બજારમાં નહીં વારસામાં મળે છે.**

- ૨૧/- ચાંલ્લો કરવા આવે ત્યારે ઢોલીને આપવા.
- ૧૦૯/- વરનું વરતીયું / તાંબાનું બેડું / બાજઠ આપવા.
- ૫૧/- સામેયા વખતે આપવા.
- ૨૧/- ભાગોળે ચાંલ્લા કરવા આવે ત્યારે ભાણામાં મૂકવા.
- ૧૫૧/- જ્ઞાતિ ફંડ વર પક્ષ તરફથી
- ૧૦૧/- જ્ઞાતિ ફંડ કન્યા પક્ષ તરફથી
- ૨૧/- મેરઈના કન્યાપક્ષ તરફથી
- ૨૧/- મેરઈના વરપક્ષ તરફથી.
- એક શ્રીફળ આપવું.
- **૧૦૦૨/- સમાજ ભુવન નિર્માણ માટે ૫૦૧/-કન્યાપક્ષ તરફથી તથા ૫૦૧/- વરપક્ષ તરફથી)**
- **૨૦૨/- શિક્ષણ ફાળો ટ્રસ્ટને આપવો. (રૂા. ૧૦૧/- વર પક્ષ તરફથી અને રૂા. ૧૦૧/- કન્યાપક્ષ તરફથી આવવા.)**

નોંધ :
- આણું ત્રણ દિવસ ફરજીયાત છે.
- ઉપરના દાપામાં સગા કરવા તથા આણાંનો સમાવેશ કરવામાં આવે છે.
- જાનમાં સ્ત્રીઓ કે નાની છોકરીઓ અને મોટી છોકરીઓ લઈ જવાની બંધ કરવામા આવે છે. તેમ છતાં જો કોઈ લઈ જશે તો ગામના પંચ પાસેથી રૂા. ૫૧/- દંડ લેવામાં આવશે.

## લગ્નના દાપામાંથી સગાની વિગત :

રૂા. ૧૫૧/- મોસાળના મામાના સગા.
રૂા. ૫૧/- કાકાના સગા (દરેક કાકાના અલગ)
રૂા. ૫૧/- ફોઈના સગા (દરેક ફોઈના અલગ)
રૂા. ૫૧/- માસીના સગા (દરેક માસીના અલગ)
રૂા. ૫૧/- સાઢુના સગા (દરેક સાઢુના અલગ)

- વર ભાણું બંધ કરેલ છે. વરરાજાને માંડવે જમવા બેસાડવા.
- લગ્નનું આણું પરત મૂકવા જવાની પ્રથા બંધ કરવામાં આવી છે.

## પુનઃ લગ્નનો રીવાજ નછોરવી કન્યા માટે :

રૂા. ૫૦૦૯/- દાપુ નાતનું બંધારણ.
રૂા. ૫૧/- બ્રાહ્મણને બેઠક વખતે આપવા.
રૂા. ૫૧/- ગોદડે પંચને આપવા.
રૂા. ૧૫૧/- ઘરભમરી (વસ્તીમાં ફરવાનું જવાનું બંધ કરેલ છે.
રૂા. ૨૫૧/- જ્ઞાતિ ફંડના (રૂા. ૧૫૧/- વર પક્ષ તરફથી અને રૂા. ૧૦૦/- કન્યાપક્ષ તરફથી) આપવા.

**જીવનમાં એટલી બધી ભૂલો ન કરવી કે પેન્સિલ પહેલાં રબ્બર જ ઘસાઈ જાય.**

રૂા. ૫૧/- ભાગોળે વસ્તીને તથા ભોગ્રેળે બૈરાને આપવા.
રૂા. ૨૧/- મેરઈના વરપક્ષ તરફથી તથા મેરઈના કન્યાપક્ષ તરફથી.
રૂા. ૨૦૦/- શૈક્ષણિક ફાળો ટ્રસ્ટને આપવા. (વરપક્ષ રૂા. ૧૦૦/- અને કન્યાપક્ષ રૂા. ૧૦૦/-)

નોંધ : દાપામાંથી સગા કરવા.

- **પુનઃ લગ્ન છોકરાવાળી કન્યા**

રૂા. ૨૬૦૯/- દાપુ નાતનું બંધારણ
રૂા. ૧૦૦/- શૈક્ષણિક ફાળો ટ્રસ્ટને આપવા. વરપક્ષ રૂા. ૫૦/- અને કન્યાપક્ષ રૂા. ૫૦/-)
રૂા. ૫૧/- વસ્તીને આપવા.
રૂા. ૫૧/- બ્રાહ્મણને દાપા વખતે આપવા.
રૂા. ૧૦૧/- ઘરભમરીના આપવા. (ઘર દીઠ બેઠકમાં આપવા)
રૂા. ૧૦૧/- વરનું વલતીયું.
રૂા. ૨૫૧/- જ્ઞાતિ ફંડના (વરપક્ષ રૂા. ૧૫૦/- અને કન્યાપક્ષ રૂા. ૧૦૦/-)
રૂા. ૫૧/- ભાગોળે વસ્તીને આપવા તથા ભાગોળે બૈરાને આપવા.
રૂા. ૨૧/- મેરઈના વરપક્ષ તરફથી તથા મેરઈના કન્યાપક્ષ તરફથી (અલગ કરવું)
૨૧/- કન્યા પક્ષ
એક શ્રીફળ આપવું.

- વાયરાનું આણું તેળવા પાંચ માણસોએ જવું. વ્યવહારમાં ગમે તે બે દાગીના અને રૂા. ૧૫૧/- રોકડા આપવા.

- **સીમંતના મામેરાની વિગત :**

રૂા. ૫૦૧/- તથા એક સાડી કન્યાના પિતાના ઘરમાં આપવા. (ગમે તેટલા સાળા હોય તો પણ)
રૂા. ૫૧/- બેઠક વખતે વસ્તીને આપવા.
રૂા. ૫૧/- ભાગોળે બૈરાંને આપવા.
રૂા. ૫૧/- બ્રાહ્મણનું વરતીયું.
એક શ્રીફળ આપવું.
રૂા. ૧૦૦૨/- સમાજ ભુવન નિર્માણ માટે (કન્યાપક્ષ) ૫૦૧/- વરપક્ષ ૫૦૧/-)
બહેન ભાણેજ જમાવા બોલાવા, ૨૧/- રકોડા આપવા (ભાણા પ્રથા બંધ કરેલ છે.)

- **વળતર :**

સોના ચાંદીના દાગીના, વાસણો, વિકાસપત્રો, સાડી કે ભેટ સોગાદો તથા ચાંલ્લા કે વસ્તુનું સીમંત પ્રસંગે વળતર આપવાનું તેમજ વળતર લેવાનું બંધ કરવામાં આવે છે.

**જેઓ ધૈર્યશીલ છે તો પોતાના ધારેલા કાર્યો કરી શકે છે.**

- **છુટાછેડા (ફારગતી)ની વિગત :**

નછોરવી કન્યા ન રહેતી હોય તો, રૂા. ૫૦૦૧/- (અંકે રૂપિયા પાંચ હજારને એક પુરાં) કન્યાના પિતાએ છોકરાના પિતાને આપવા. ભાજગડના રૂા. ૧૦૦/- અને રૂા. ૧૦૦/- બંન્ને પક્ષ તરફથી આપવા. નછોરવી કન્યા છોકરો રાખવા ન માંગતો હોય તો, છોકરાના પિતાએ છોકરીના પિતાને રૂા. ૫૦૦૧/- (અંકે રૂપિયા પાંચ હજાર એક પુરાં) આપવા. ભાજગડના રૂા. ૧૦૦/- અને રૂા. ૧૦૦/- બંન્ને પક્ષ તરફથી આપવા.

- **સીમંત થયા બાદ છોકરો કન્યાને ન રાખતો હોય તો. છુટાછેડા (ફારગતી) ની વિગત :**

સીમંત બાદ છોકરો કન્યાને ન રાખતો હોય તો, રૂા. ૫૦૦૧/- (અંકે રૂપિયા પાંચ હજારને એક પુરા) તથા સીમંતમાં આપેલા તમામ દાગીના કન્યાના પિતાને પરત આપવાના રહેશે. ભાજગડના રૂા. ૧૦૦/- બંન્ને પક્ષ તરફથી આપવા.

- **સીમંત થયા બાદ કન્યા ન રહેતી હોય તો : છુટાછેડા (ફારગતી) ની વિગત :**

રૂા. ૫૦૦૧/- (અંકે રૂપિયા પાંચ હજારને એક પુરાં) છોકરાના પિતાને આપવાના રહેશે. પરંતુ સીમંતમાં આપેલા તમામ દાગીના છોકરાના પિતા પાસે રહેશે. ભાજગડના રૂા. ૧૦૦/- અને રૂા. ૧૦૦/- બંન્ને પક્ષ તરફથી આપવા.

- પ્રસુતિ થયા બાદ વેવાણો માંથે હાથ મૂકવા આવે ત્યારે રૂા. ૧૦૧/- દરેક વેવાણ દીઠ આપવા.
- છોકરા-છોકરીના ઝઘડામાં પંચની સલાહ મંજુરી લઈને કોર્ટ કચેરીએ દાદ ફરીયાદ કરવી.
- **મરણોત્તર ક્રિયા પ્રસંગની વિગત :**
  - રૂા. ૨૧૦/- ખાપણના આપવા, ભાણેજ હોય તો દરેકને રૂા. ૧૦/- આપવા તથા શોક મુકવા જાય ત્યારે રૂા. ૧૦/- આપવા.
  - મરણ પાછળ બહેન-દિકરીનો શોકની સાડી-ધોતી આપવાનું બંધ કરવામાં આવે છે. તેના બદલે શોકના રૂા. ૧૦/- ઠરાવવામાં આવે છે.

**આદરેલાં સત્કાર્યો કદાપી અધૂરા રહેતાં નથી.**

- મરણબાદ શોક મુકવા ફક્ત એક વ્યક્તિએ જવું. ઘરધણીએ પોતે જવાનું રહેશે.
- કુવાસી શોક મુકાવવા આવે ત્યારે રૂા. ૨૧/- આપવા.
- મરણ પ્રસંગે બહેન-દીકરીને પોથના કપડાં આપવા માટે સફેદ રંગના લેવા.
- મરણ પાછળ માસીઓ રવિવારે રાખી શકાશે. રવિવારનો બાધ રહેશે નહિં.
- મરણ પાછળ પંચ પાઠ તથા ભજન ફરજીયાત રહેશે નહીં. કોઈપણ વ્યક્તિએ ફરજ પાડવી નહીં.
- પંચપાઠમાં દાળ-ભાત, લાડુ, શાક, પ્રથમ ભોજનમાં સાંજે આપવું. તે પછી સવારમાં ઘરધણી તરફથી ખીચડી-શાકનું ભોજન આપવું. તેમ ઠરાવવામાં આવેલ છે.
- પંચ પાઠ વખતે આપણા ગુરૂશ્રીને રૂા. ૧૦૦૧/- ઘરધણી તરફથી આપવાનું ઠરાવવામાં આવે છે.
- કોઈપણ વ્યક્તિ નિઃસંતાન મરણ પામે અને તેની પાછળ કાકા કુટુંબ કે અન્ય કોઈ સંબંધી પંચ પાઠ કરે તો, તે કેસમાં વીંટી પ્રથા બંધ કરવામાં આવે છે.
- પંચ પાઠ કરનાર વ્યકિતએ જ્ઞાતિ ફંડ પેટે ૧૫૦૯/ રોકડા પંચને આપવા.
- પંચ પાઠ કરનાર વ્યકિતએ શૈક્ષણિક ફાળો રૂા. ૨૫૧/-ટ્રસ્ટને આપવો.
- પંચ પાઠમાં બીજા દિવસે જમવાનું ઘરધણીને શિરે રહેશે.
- પંચ પાઠમાં કુંવાસી (દિકરીઓ) ને સાડી ને બદલે રૂા. ૧૫૧/- રોકડા આપવાના રહેશે.

## ● આગેવાનશ્રીઓના નામ ●

### ● કમોડ

શ્રી કરશનભાઈ લાલજીભાઈ પરમાર
શ્રી માનજીભાઈ શકરાભાઈ પરમાર
શ્રી મગનભાઈ વિરાભાઈ પરમાર
શ્રી કાળાભાઈ બબાભાઈ પરમાર
શ્રી અરવિંદભાઈ બાબુભાઈ ચાવડા
શ્રી કાન્તીભાઈ લાલજીભાઈ પરમાર

### ● પાલડી

શ્રી કાળીદાસ સવાભાઈ સોલંકી
શ્રી રમણભાઈ કરશનભાઈ સોલંકી
શ્રી ઈશ્વરભાઈ પરસોત્તમભાઈ સોલંકી
શ્રી રણછોડભાઈ વિસાભાઈ સોલંકી
શ્રી ચીમનભાઈ દાનાભાઈ સોલંકી
શ્રી હિરાભાઈ શ્યામભાઈ સોલંકી
શ્રી સોમાભાઈ શનાભાઈ સોલંકી
શ્રી બગદાદભાઈ બોથાભાઈ સોલંકી
શ્રી બાબુભાઈ રામાભાઈ સોલંકી
શ્રી અંબાલાલ મંગળદાસ સોલંકી